**પ્રકરણ – ૧૪**

## વીજાણું રૂપે ઉપલબ્ધ માહિતી

રાજકોટ શહેર પોલીસ દળની વેબસાઈટ ઉપલબ્ધ છે. જેન પુરું સરનામું **www.cprajkot.gujarat.gov.in** છે. આ વેબસાઇટ પર શહેરની તમામ માહિતી આપવામા આવેલ છે, અને આ માહિતી સમયાનુસાર અપડેટ કરવામા આવે છે. શહેરની વડી કચેરી ખાતે તમામ શાખાઓમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે. આ કોમ્પ્યુટરોને નેટવર્કથી જોડવામાં આવેલ છે. શહેરના તમામ પો.સ્ટે. ખાતે જી.એસ.વાન નેટવર્ક સાથે કોમ્પ્યુટર સીસ્ટમ ઉપલબ્ધ છે. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ eGujCop પ્રોજેક્ટનું અમલીકરણ રાજકોટ શહેર  નિયમિત રીતે કરવામાં આવે છે.

રાજકોટ શહેર પોલીસ દળ હેઠળ આવતા પોલીસ સ્ટેશન, તેના વિસ્તારના ગામડાઓ તેના પોલીસ દળના મહેકમની વિગતો તથા ટેલીફોન નબંર અને ફેકસ નબંરની માહીતી કોમ્પ્યુટરમાં સગ્રહ કરવામાં આવેલ છે. આ માહિતીને શહેરની વેબસાઇટ પર પણ મુકવામાં આવેલ છે. શહેરના દરેક પોલીસ સ્ટેશન તથા શાખાના કર્મચારી/અધિકારીઓને કોમ્પ્યુટર તાલીમ આપવા માટે પોલીસ હેડ ક્વાર્ટર, રાજકોટ શહેર ખાતે આધુનિક કોમ્પ્યુટર તાલીમ કેન્દ્ર ચાલ  કરેલ છે.

કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જરૂરી ક્રાઈમની માહીતી પોલીસ સ્ટેશન ખાતે તથા સકુંલીત માહીતી વડી કચેરી ખાતે કોમ્પ્યુટરમાં સગ્રહ કરવામાં આવેલ છે. આ માહિતી કચેરીના વહીવટી ઉપયોગ માટે ઉપલબ્ધ રહે છે.